

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*શકુનિઓથી સચવાઈ છે ‘આઠમ’ની ઓળખ!*
*‘મટકી ફોડ’થી સચવાઈ, આઠમની ઓળખ!*
*લોપાયું ગીતા જ્ઞાન ભૂલાઈ આઠમની ઓળખ -*
*થાય ઠેર ઠેર કુરુક્ષેત્ર, આઠમની ઓળખ!*
*(જન્માષ્ટમી)*

### હાઈકુ

*થાય છે લૂંટ,*
*પરાયાં માણખની -*
*શ્રી કર્મયોગી!*
*(ખાયકી વૃત્તિ)*

*ફરકે ઝંડો,*
*નિસાસાની હવાથી -*
*કપાઈ રજા!*
*(આળશુ વૃત્તિ)*

### ચિંતન

*યં લબ્ધવા ચ અપરં લાભં મન્યતે ન અધિકં તતઃ ।*
*યસ્મિન સ્થિતો ન દુઃખેન ગુરુણાપિ વિચાલ્યતે ॥*

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્ર ગીતામાંથી લેવામાં આવેલ છે.

જે અજ્ઞાની છે તે પ્રાયઃ દુઃખી જ હોય છે. ભૂતકાળનો ભાર લઈને ફરે ને પછી એમાંથી એકાએક દુઃખ ગોત્યા કરે, જ્ઞાની ભૂતકાળને વાગોળતો નથી.

એક ઝેન ગુરુએ એના શિષ્ય થવા આવેલાની પરિક્ષા કરતાં પૂછ્યું, ‘તમારા ગામમાં મોંઘવારી કેવીક છે?’ શિષ્યએ કહ્યું, ‘મેં એ ગામ જ છોડી દીધું છે, હવે બીજું કંઈ શું કામ યાદ રાખું?’ ગુરુએ પૂછ્યું કે તો પછી હવે શું કરવાના છો? તો પેલો કહે કે ભવિષ્યના કયાં કોઈને ખબર છે? તમે તો મને આ ક્ષણે શું છે તેનો જવાબ આપું? ગુરુએ કહ્યું કે, જા, તું મારી પરીક્ષામાં સફળ થયો.

વ્યક્તિ એ આજની, અત્યારની આ ક્ષણને આનંદમી જીવવી જોઈએ તો જિંદગી આખી આનંદમય બની જશે...

### સુવિચાર

- સ્વચ્છંદ રોકાય, એનું નામ સંયમ - **દાદા ભગવાન**
- ‘સેન્સીટીવ’ માણસને ‘કોમનસેન્સ’ ના હોય - **ઓશો**
- દરેદ દર્દ તેનું આયુષ્ય લઈને જ આવેલું છે - **મલેશિયન કહેવત**
- વિજય ને હાર એ પ્રકૃતિનો નિયમ છે,
  જીંદગી અને જગત ત્યાં સુધી કાયમ આજ નિયમ છે - **મિલીન્દ ગઢવી**
- આપણને સહુને સામે કિનારે પહોંચવાની ઉતાવળ બહુ જ છે,
  પરંતુ હોડીને હલેસા બીજા કોઈ મારી દે તો - **એસ. ભટ્ટાચાર્ય**
- મન, વાણી અને શરીર દ્વારા થતો જે દુર્વ્યવહાર છે, તેને જ અધર્મ કહેવામાં આવે છે - **જીવન વિજ્ઞાન**
- આજનું ઔષધ : મસા ઉપર આંકડાનું દૂધ સાથે હળદરની પેસ્ટ બનાવી લગાડવાથી મસા ખરી પડે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન, ફ્રાન્સની સરકારે પ્રજાજનોને પોતાની પાસે રહેલું સોનું તથા રોકડ બેંક ઑફ ફ્રાન્સમાં સ્વેચ્છાએ જમા કરાવી દેવાનું સૂચવ્યું. અને એની સામે લોન મળી શકશે એવી જાહેરાત કરી... મેડમ ક્યુરી પોતાની દીકરી ઈરીનને બોલાવી કહ્યું, ‘મારા સંશોધન માટે મને મળેલા સુવર્ણચંદ્રકો તથા નોબેલ પ્રાઈઝમાં મળેલ પૈસા જે સ્ટોકહોમમાં સ્વીડીશ ક્રાઉનમાં રહેવા દીધા છે જે આપણી મૂડીનો મુખ્ય ભાગ છે એને પણ સ્ટોકહોમથી અહીં પાછી લાવી સરકારમાં જમા કરવાની ઈચ્છા છે, રાજયને અત્યારે પૈસાની જરૂર છે અને કદાચ આ રાશિ જમા કરાવવાથી કદાચ પૈસા કે સોનું પાછું ન પણ મળે... તો હવે ઈરીન!! આપણે જમા કરાવી દઈશું ?’ ઈરીને રાજી થઈ હા પાડી. તરત જ મેડમે સ્ટોકહોમ જઈ સ્વીડીશ ક્રાઉનને ફ્રાન્સના ચલણ ફ્રાન્કમાં ફેરબદલ કર્યા અને એ ઘણી મોટી રકમ ‘સ્વેચ્છાદાન’ તરીકે ‘રાષ્ટ્રીય ફાળા’ તરીકે બેંક ઓફ ફ્રાન્સમાં જમા કરાવ્યા, એમાં બેંક ઑફ ફ્રાન્સના અધિકારીએ એમના સુવર્ણ કીર્તિચંદ્રકો સ્વીકારવાની સાફ ના પાડી. જે મેડમ ક્યુરીને એ ગમ્યું નહીં પણ એમની ઘણી રોકડ અને થોડુંક સોનું ક્યુરીના ભાખ્યા મુજબ પરત આવ્યા જ નહીં જો કે આ બાબતને મેડમ ક્યુરીને જરાય વસવસો જ ન થયો.

# સ્વતંત્રતા અર્થને જીવવાની આવશ્યકતા

**તંત્રીસ્થાનેથી...**

૧૫મી ઑગષ્ટ, ૨૦૧૭. દેશનો ૭૧મો સ્વતંત્રતા દિવસ અને જન્માષ્ટમી પણ. ભક્તિનો ભાવ તો શ્રાવણ માસ શરૂ થયો ત્યારથી છલકાઈ જ રહ્યો છે પરંતુ આજનો દિવસ દેશભક્તિનો ભાવ પણ ભારોભાર છલકાશે. સોશિયલ મીડિયા પર દેશભક્તિનાં ફોટોઝ, વાક્યો ને વાતોની ભરમાર જામી ચૂકી હશે. સવારથી બપોર સુધી આ ભરમાર ચાલશે, પછી સાંજ પડતાં જ લોકો રજાની મજા માણવા માંડશે અને દેશભક્તિ ઓસરી જશે. પ્રતિવર્ષ આ જ થાય છે. આપણી દેશભક્તિ માત્ર ૧૫ ઑગષ્ટ ને ૨૬મી જાન્યુઆરી પૂરતી જ મર્યાદિત છે. વર્ષે આ બે દિવસો દરમિયાન જ એ અભિવ્યક્ત થાય છે. અલબત્ત, હમણાં હમણાં સૈનિકો પ્રતિ આપણી સંવેદના વધી હોય એવું પણ દેખાઈ રહ્યું છે ને એ કારણે કોઈ સૈનિક શહીદ થાય ત્યારે પણ આપણી દેશભક્તિ અભિવ્યક્ત થઈ જાય છે. પરંતુ, એ સિવાય વર્ષભર આપણે દેશભક્તિ નામના વિષયને સ્પર્શતા પણ નથી. સોશિયલ મીડિયા પર પરિચિતોને દેશભક્તિના સંદેશ મોકલી દેવાથી કે એક દિવસ ઘરમાં કે કારમાં દેશભક્તિનાં ગીતો વગાડી દેવાથી જ દેશભક્તિ સાબિત નથી થતી. દેશભક્તિ સાબિત કરવાના અનેક, સરળ રસ્તા પણ છે જ, જેના પ્રત્યે આપણે ધ્યાન જ નથી આપી રહ્યા. ટ્રાફિકના નિયમોનું પાલન કરવું કે ટ્રાફિકના નિયમો ન તોડવા એ પણ એક દેશભક્તિ જ છે. કારણ કે એમ કરીને તમે તમારા દેશબાંધવોને અડચણરૂપ નથી બની રહ્યા ને એમને સરળતાથી જીવવામાં સહાય કરી રહ્યા છો. કચરો ગમે ત્યાં ન નાખવો, બીજાને અડચણરૂપ ન બનવું, ધર્મના, સમાજના કે અંગત પ્રસંગના નામે સામાન્ય લોકોને બાનમાં ન લેવા એને પણ દેશભક્તિ જ કહેવાય. આવી દેશભક્તિની હકીકતે આપણને જરૂર છે અને વર્ષભર જરૂર છે પરંતુ એવી દેશભક્તિ તો આપણે ત્યાં સ્વતંત્રતા દિવસ અને ગણતંત્ર દિવસેય જોવા નથી મળતી. આ બે દિવસો દરમિયાન પણ આપણે જોરશોરથી ગીતો વગાડીને જાહેર શાંતિનો ભંગ કરીએ જ છીએ. ‘મને આ દેશમાં જેટલી સરળતાથી અને સહજતાથી જીવવાનો હક છે એટલો જ હક બીજાને પણ છે’ એવી સમજ જ્યારે પ્રત્યેકમાં આવી જશે અને પ્રત્યેક વ્યક્તિ એ સમજ અનુસાર પોતાનું વર્તન પણ ઘડશે ત્યારે આપણે દેશભક્તિ વ્યક્ત કરવા માટે ફિલ્મી ગીતો વગાડવાની જરૂર નહીં પડે. સંસ્કાર ને સંસ્કૃતિની વાતો ભલે આપણા દેશની વખણાતી હોય પણ દેશભક્તિની વાત આવે તો ઈંગ્લેન્ડ કે જાપાનને જ યાદ કરવાં પડે છે એવું આપણે ક્યારેય નથી વિચાર્યું. હા, આપણે ત્યાં અગણિત શહીદો કે સ્વતંત્રતાસેનાનીઓ ખરા, જેમની દેશભક્તિ અને ફનાગીરીને નમન કરવા જ પડે પરંતુ અહીં વાત થાય છે જનસામાન્યની. એક રસ્તે ચાલતો માણસ પણ દેશના બીજા માણસને અગવડ ન પડે એવું વર્તન કરે એવી દેશભક્તિ આપણે ત્યાં ક્યારેય જોવા નથી મળી. આપણે તો પાનના ગલ્લે ઊભા રહેવું હોય તોય બાઈક કે કાર સરેઆમ રસ્તા પર મૂકી દઈએ છીએ, જેને જવું હોય તે બાજુમાંથી જાય, આપણે શું? પાર્કિંગની સૅન્સ, જાહેરમાં વર્તન કરવાની આવડત, અજાણ્યાનું પણ સન્માન કરવાની ક્ષમતા, વાહન ચલાવતી વખતે રાખવાનો કાબૂ, આનંદ પ્રાપ્ત કરતી વખતે બીજાને અગવડ ન પડે એવો વિચાર, રોજિંદા જીવનમાં અન્ય નાગરિકોનાં હક અને સગવડની સાચવણી, સ્વાર્થ માટે કોઈનીય સગવડને બાનમાં ન લેવાની વૃત્તિ.... આવી નવતર અને સહજ દેશભક્તની આપણને જરૂર છે. એ દેખાડી દઈશું તો વર્ષમાં બે દિવસ દેશભક્તિ વ્યક્ત કરવાની જરૂર નહીં પડે અને દેશભક્તીની વાત આવશે ત્યારે આપણાય દેશનું નામ દુનિયામાં લેવાશે. પણ દેખાડીઓ તો અને ત્યારે.


# દિલ સે પુકારો, મૈં તુમ્હારે સાથ હું...

### અદબ-પલાંઠી મોં પર આંગળી

ડૉ. સંતોષ દેવકર



હે કૃષ્ણ !
કિતને પ્યારે હો તુમ
કિતના પ્યાર કરતે હો હમે !
રુકમણિ સાથ હો ન હો
રાધા જરૂર હોતી હૈ
હે કૃષ્ણ !
રાધા સચમુચ બહોત સુંદર થી ?
સુના હૈ રાધા જહાં સે ગુજરતી થી
વો સબ કુછ
રાધામય હો જાતા થા
સુંદર હો જાત થા !
રાધાજી આપકો ચાહતી થી
કયાં આપ ભી ?
સચ બચાવો
આપકી બંસરીકા જાદુ થા
યા ફીર શરારત કા ?
કમનીય કાયા કા યા ફીર
મોરપીંચ્છ કા ?
હે કૃષ્ણ !
સચ બતાઓ
કયાં મીરા કા ઝહર આપને પી લીયા થા ?



કૌરવો કો આપને પહેલે હી માર દીયા થા ?
કયાં આપ રાધા કે બીના રહ નહિ સકતે થે ?
હે કૃષ્ણ સચ બતાઓ.
અર્જુન કે સારથિ બનકર
રાધા કે પ્રિયતમ બનકર
મીરાં કે શ્યામ બનકર
આપને વિશ્વકો બતાયા ઔર જતાયા ભી કી,
“કોઈ કુછ નહિ કરતાં
સબકુછ મેરા નિધારિત કીયા હુઆ હૈ
દિલ કો ભાયે વો સબકુછ
બસ, કરતે જાઓ, કહેતે જાઓ
દિલ સે પુકારો, મૈં તુમ્હારે સાથ હું
કભી સારથિ બનકર
કભી પ્રિયતમ બનકર
તો
કભી શ્યામ બનકર.”

**મિસરી**

“ કૃષ્ણને તો સારથિ હંમેશા બનવું હોય છે,
આપણે અર્જુન બની કયાં યુધ્ધ લડવું હોય છે ? ”

(-ડૉ. ગુણવંત વ્યાસ, આણંદ)

- santoshdevkar03@gmail.com

# દેશ તો આઝાદ થઈ ગયો આપણે ગુલામ જ રહી ગયા!

### વિચારયાત્રા

ડો. જય ઓઝા



આઝાદી - ગુલામી, સ્વતંત્રતા-પરતંત્રતા આ બધું હવે રોજનીશીની ભાષામાં આવતા સામાન્ય શબ્દ બની ચૂક્યા છે. કારણ કે ૧૯૪૭ની ૧૫મી ઓગષ્ટની મધ્યરાત્રીની એ અસામાન્ય ઘટના આપણામાંના મોટાભાગના ભારતીયો માટે ઈતિહાસના કે જનરલ નોલેજના એક પ્રશ્નના જવાબ જેટલી જ ઘટના છે.

આજની નવી પેઢી બદલાતી સરકારો સાથે બદલાતા ઈતિહાસના પુસ્તકોની માહિતીનો સમુચ્ચય માત્ર ગોખવામાં તકલીફને કારણે પરેશાન છે... એક ફુલ ખીલવાની ઘટનાના આપણે કયારેય સાક્ષી હોતા નથી... માત્ર સવારે ઊગી ગયેલા ઝાકળની બુંદોથી નયનરમ્ય લાગતા ગુલામ સાથે સેલ્ફી લઈને ફૅસબુક પર અપડેટ કરનારા આપણે... ફુલ ઊગે છે, તેને જ મહત્ત્વ આપીએ છીએ...

પરંતુ ખરેખર એ છોડનું આંગણાના કયારામાં શીશુ અવસ્થામાં વાવેતર થયા પછી દિવસોની માવજત અને રખોડા પછી તેમાં નવી નવી કૂંપળો ફુટે છે તે બધું જ ફુલ ઉગવા માટે જરૂરી છે... પછી ક્રમે ક્રમે કળી આવે છે અને ફુલ ઊગે તો સાવ છેલ્લી ઘટના છે...

આમ સ્વતંત્રતા દિવસની ઊજવણી કરીને શોરગૂલ કરનારા આપણે આ ફળની પ્રાપ્તિ સુધીના સફરને તે માટેના નાના-નાના અસંખ્યા બલિદાનોને વણદેખ્યા કરી દઈએ છીએ.

આપણનો આજે પ્રોબ્લેમ છે, સિસ્ટમથી, નેતાઓથી, રાજનૈતિક દળોથી... મોંઘવારીથી, લાંચરૂશ્વતથી... અને બીજા ઘણા બધાથી....

પરંતુ ખરેખર આપણે મુસીબતમાં છીએ આપણા પોતાનાથી... આપણી ગુલામી મનઃસ્થિતિથી મૂળભૂત રીતે આપણે ઘેટા છીએ... કોઈ નેતા અભિનેતા જબરદસ્ત લાગે તો વ્યક્તિની પાછળ હારતોરા લઈને પહોંચી જઈશું... અને પછી પાછા મૂરખ બનીશું ત્યારે... બેવફાઈના રોંદણા રોઈશું...

આપણે શું ફોલોઅર્સ બનાવા જ સર્જાવા છીએ? શું કોઈ એક છાવણીમાં બેસીને તેની જય જય કરવાનું જ આપણું ઈતિશ્રી ને? થોડોક સમય ફલાણા ફલાણાની છાવણીમાં... તેની જય જય કરી તો વળી થોડા સમય પછી ઢીકણા ઢીકણાની છાવણીમાં ઘૂસી ને તેની જય જય કાર કરીશું... નિર્ભીક અને નીડર બનીને તટસ્થ રીતે આપણો કોઈ જ મત નથી...

અને આનું મૂળ કારણ આપણું શિક્ષણ અને બાળપણ છે! રોતા છોકરાને ‘બાવો લઈ જશે’ થી ચૂપ કરાવવાનો, ભણતા છોકરાને માત્ર સારા માર્કસ માટે જ બિરદાવવાનો ! ‘ચોરી કરવી ગુનો નથી પકડાઈ જવું ગુનો છે!’ તેવી છૂપી શીખ શીખવી દેવાની... અને જેથી યેનકેન પ્રકારણે આગળ વધવાનું બસ...

સોશ્યલ મીડિયા પર બે અલગ અલગ છાવણીના સામ્યો રીતસર મારામારી પર આવી જાય ત્યાં સુધી નોબત આવી જાય...

ડબલ ઢોલકી મેન્ટાલીટીવાળા ઉપરાષ્ટ્રપતિના નિવેદનને વખોડનારા લોકો, તેટલી જ તીવ્રતાથી ઉત્તરપ્રદેશના ગોરખપુર બાળકોના મૃત્યુ ઉપર તત્કાલીન સરકાર પાસેથી જવાબદેહી માંગવામાં ગેંગેંફેંફે થાય છે...

તો સામા પક્ષે સર્જિકલ સ્ટ્રાઈક વખતે આર્મીના પાસે પુરાવાઓ માગવા નીકળેલા અહિંસાવાદીઓ... પથ્થર મારી મારીને સેનાના જવાનોને કામમાં વિક્ષેપ પાડનારા અને પેલેટ ગનના ઉપયોગ સમયે ‘માનવ અધિકાર’ની માંગ કરનાર કેન્ડલ માર્સ કરનારા... સો કોલ્ડ એક્ટિવીસ્ટ જમાત પશ્ચિમ બંગાળમાં હિન્દુઓ પર થતા અત્યાચાર પર મૌન સેવીને, ‘નરો વા કુંજરો’ નો રાગ આલાપે છે.

મુશ્કેલી એ છે કે, આપણે વૈચારિક રીતે ગુલામ જ થઈ રહ્યા છીએ... જે બતાવવામાં આવે તેનો તટસ્થતા પૂર્વક વિચાર કરવાની મથામણ નહીં કરવાની પરંતુ કોઈકે થોપેલા ઉછીના મંતવ્ય પર મહોર મારીને ટોળામાં ઘૂસી જવાનું...

અભિવ્યક્તિના સ્વાતંત્ર્ય ઉપર બબાલ મચાવનાર શૂરવીરો પોતાને સાંજે શું જમવું છે તે પણ ધર્મપત્ની પાસે વ્યક્ત કરી શકતા નથી... ઘરમાં ચાર જણને સાચવી ન શકનાર શૂરવીર ‘સમતા પાર્ટી’ નો અધ્યક્ષ બની ‘ભાઈચારા’ના બણગા ફૂંકે છે અને આપણે જાણે અજાણે તે ઉછીના વિચારના બ્રોડકાસ્ટર બનતા જઈએ છીએ...

વાસ્તવમાં આપણે બધા જ કોઈ એક પાર્ટી, કોઈ સંપ્રદાય, કોઈ વ્યક્તિના બ્રાંડ એમ્બેસેડર બનતા જઈએ છીએ... કોઈ વ્યક્તિગત સ્વતંત્ર અભિવ્યક્તિ વગર, ઝાઝુ વિચારીને વિષયના ઉંડાણમાં ઘૂસ્યા વગર ઝટપટ તૈયાર ઓપીનીયન ને પોતીકું મંતવ્ય બનાવીને ચીપકાવી દેવાનું....

અને અગાઉ કહ્યું તેમ આનું મૂળ કારણ માત્ર વૈચારિક ગુલામીની ગળથૂથી જ છે... આપણે બહુ જલ્દી કોઈના પ્રભાવમાં અને કોઈના દુષ્પ્રભાવમાં આવી જઈએ છીએ...

આમાં આપણને ઓછી નહીં પરંતુ સાચવી રાખેલી, નહીં વપરાયેલી બુદ્ધિ નડે છે... હવે નવી વેઢી ને આપણે તટસ્થ વિચારો અને તટસ્થ પૃષ્ઠભૂ આપણી હશે તો આપણે, સૌ પ્રથમ તાલીમ મેળવવી પડશે...

‘’ વિચારનારી આગળની પેઢીની પીઠ થાબડવી પડશે... પછી ભલે ને તેઓ નવા પ્રયોગો કરતી વખતે નિષ્ફળતા ને પણ વરે ! તેમને હતોત્સાહ ન કરીએ. ૧૨ સાયન્સમાં ૮૦% પછી સાયન્સ ન લઈને આર્ટ્સમાં જવા માગતા બાળકોને હોંશે હોંશે વધાવીએ...

ટીપીકલ કલાર્કની કાયમી સરકારી નોકરી ન કરવા માંગતા પોતાનું નું સ્ટાર્ટઅપ ખોલવાની ઈચ્છા ધરાવતા યુવાને વધાવીએ...

બધાએ આમ કર્યું છે, માટે હું પણ આમ કરું તેમ નહીં પરંતુ સ્વતંત્ર રીતે વિચાર કરીને પછી આગળ વધીએ...

ખરી સ્વતંત્રતા એ વૈચારિક સ્વતંત્રતા છે... ઘેટા ચાલની બહાર નીકળીને એક ક્ષણ વિચારીને પછી પોતાની નવી કેડી કંડારવાની હિંમત આવશે, તે આપણે સ્વતંત્રતા દિવસ હશે...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# શ્રીજી સ્વરૂપ શ્રીકૃષ્ણ : જગતના કાયમી જગદ્ગુરૂ

### અજવાળું - અજવાળું

તુષાર જોશી





‘કૃષ્ણ, વિશે, શ્રીજી સ્વરુપ વિશે વાતો કરજો અને આનંદ કરજો.’ દુરદર્શનના અધિકારી અને અભિનેતા - ગાયક અરુણ રાજયગુરુએ ફોન કર્યો... અને પહોંચ્યા અમદાવાદના રીલીફ રોડથી અંદર ઝવેરી વાડમાં અને પછી દોશીવાડાની પોળમાં આવેલી ગૌસ્વામી હવેલીમાં... નટવર પ્રભુજીનું દિવ્ય સ્વરુપ... આનંદ આનંદ થયો... અહીં સવા બસો કરતા વધુ વર્ષથી અખંડ દીપજયોતિ પ્રજ્વલિત છે જેના દર્શને હજ્જારો ભક્તો નિયમિત રીતે આવે છે. કલ્યાણી કૌઠાળકર, નયન પંચોલી અને ભગવતીપ્રસાદ ગાંધર્વ.

ઈતિહાસના સુવર્ણપૃષ્ઠો પર લખાયેલી ઘટનાઓનું સ્મરણ કરતા પૂજય વ્રજઆભરણ બાવા કહે છે કે નટવર પ્રભુજીનું આ સ્વરુપ જોધપુર, રાજસ્થાનમાં હતું. સંવત ૧૮૫૧માં રાજકીય ફેરફારો થતાં રઘુનાથજી મહારાજ આ સ્વરુપને લઈને કચ્છ તરફ જવા નીકળ્યા... રસ્તામાં અમદાવાદમાં રોકાયા અને દિલ્હી શાસનના સુબાએ ૨૮ ગામો ભેટ કર્યા એટલે અહીં જ રોકોયા.

આ સ્થાને હવેલી તો હતી જ, એમાં નટવર સ્વરુપ બિરાજીત થયું. ‘ઈકબાલે મહેમદી’ નામના ઉર્દૂ ગ્રંથમાં આ મંદિરનું વર્ણન છે, જેનો દસ્તાવેજ ઔરંગઝેબ સમયનો છે. રઘુનાથજીના બે પુત્રો હતા ગોપીનાથજી અને વ્રજભૂષણજી. ગોપીનાથજીએ અહીં સાધના કરી અને અમૃત સંજીવની વિદ્યા પ્રાપ્ત કરી હતી.

ગુજરાતનો સૌથી પહેલો છપ્પનભોગ અહીં થયો હતો, એટલે મેદની ઉમટી પડી હતી કે ભીડમાં ચગદાઈ જવાથી ૭ વ્યક્તિના નિધન થયા હતા, એ વેદનાથી વ્યથિત થઈને લૌકિક/વૈદિકની ચિંતા છોડીને, ભાવુક થયેલા વ્રજભૂષણજીએ આ ૭ વ્યક્તિઓને જીવંત કર્યા હતા...

અલબત એપછી આ વિદ્યાનો ઉપયોગ કયારેય નહિ કરવાનો એમણે સંકલ્પ પણ કર્યો હતો.

પુષ્ટિમાર્ગમાં હવેલીમાં શ્રીજી બિરાજે છે. આઠવાર મંગળાથી શયન સુધી વિવિધ સ્વરુપના દર્શન થાય, અષ્ટ પ્રહરની સેવા થાય, પ્રભુનો નિત્યક્રમ અને લીલાઓની દિનચર્યા સેવા સ્વરુપે હવેલીઓમાં થાય, ઠાકોરજીમાં સત્ ચિત આનંદ સમાયા છે એટલે એના દર્શનથી આ લોકના જીવને આનંદ મળે છે એ વાતની પ્રતીતિ ગોસ્વામી હવેલીમાં દર્શનાર્થે આવનાર વૈષ્ણવો અને બપોરે ફૂલ સેવામાં જોડાનાર બહેનોના ચહેરા જોઈને સતત થતી રહી હતી.

સોળમી સદીમાં આચાર્ય ચરણ વલ્લભાચાર્યજી દ્વારા હવેલી સંગીતનો પ્રકાશ પથરાયેલો. પુષ્ટિ માર્ગના કીર્તનોએ હવેલી સંગીતની ધજાને ગૌરવાન્વિત કરી દીધી. હવેલી સંગીતમાં સામેય રાગ આધારિત પદો, લોકગીતો, દોહા, ધોળ-ગરબા, પદ ધમાર, રસિયા વગેરે ગવાય છે. ૩૬ રાગ અને રાગીણીમાં આ સંગીત વહેંચાયું છે.

ઈસવીસન પૂર્વ ૩૧૦૨, ચૈત્ર મહિનો, શુક્લ પક્ષ, પ્રતિપદા તીથિ - શુક્રવાર, બપોરે ૨ કલાક, ૨૭ મિનિટ, ૩૦ સેકન્ડે યોગ ધારણા થકી પ્રભાસ ક્ષેત્રમાં હિરણ્યકાંઠે નિજધામ, પ્રસ્તાન કરી ગયેલા જગદગુરુ શ્રીકૃષ્ણ માટેનો સ્નેહ પાંચ હજાર વર્ષો પછી પણ સતત વૃદ્ધિમાન છે.

ઈશ્વર : પરમ કૃષ્ણ, સચ્ચિદાનંદ વિગ્રહ, અનાદિર આદિર ગોવિંદ, સર્વકારણ કારણમ્.

●●●

**સામરો મંગલ રૂપ નિધાન,**
**જા દિન તે હરિ ગોકુલ પ્રગટે**
**દિન દિન હોત કલ્યાણ.**